નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :8 MAY 2024 | WEDNESDAY | Page : 18 | Year : 2 | Issue : 34 | Price: 2/-


સામના મિરર

રાજકોટમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયું: પોલીસનો બંદોબસ્ત પ્લાન સફળ

રાજકોટમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયું: પોલીસનો બંદોબસ્ત પ્લાન સફળ

જુઓ પેજ નં.૦૩

# સૌરાષ્ટ્ર-કચ્છમાં અંદાજે 54.94 ટકા મતદાન,ગત ચૂંટણી કરતા 4 ટકા ઘટાડો



- રામમંદિર,ક.૩૭૦,દેશની સુરક્ષા,મોંઘવારી,કરબોજ,બેરોજગારી સહિત મુદ્દા વચ્ચે નિરસ મતદાન
- ક્ષત્રિય આંદોલન વધુ તીવ્ર હતું તે સુરેન્દ્રનગરમાં ૫૨.૨૨ અને રાજ્યમાં સૌથી ઓછું પક્ષપલ્ટાવાળા અમરેલીમાં ૫૦.૦૭ ટકા મતદાન,જુનાગઢ,જામનગરમાં વડાપ્રધાનની સભા થઈ ત્યાં ૫૮ ટકાથી વધુ
- સુરેન્દ્રનગર,ભાવનગર, અમરેલીમાં ગત ચૂંટણીથી પાંચ ટકા મતદાન ઘટ્યું
- સૌરાષ્ટ્રના દોઢ કરોડ મતદારોમાં ૬૭.૫૦ લાખે મતદાન ન કર્યું
- ધારાસભા–૨૦૨૨થી વિપરીત આ ચૂંટણીમાં દ્વિપાંખિયો જંગ રહ્યો

રાજકોટ : રાષ્ટ્રની સાથે સૌરાષ્ટ્ર અને કચ્છની ૮ બેઠકોનું મતદાન આજે એકંદરે નિરસ રહ્યું હતું અને મતોના ગાજ્યા મેહ વરસ્યા ન્હોતા. કૂલ ૧૨ જિલ્લાઓની રાજકોટ,જામનગર, અમરેલી, પોરબંદર, જુનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ અને ભાવનગર એ ૮ બેઠકો પર આજે સાંજે છ વાગ્યા સુધીમાં એકંદરે સરેરાશ અને અંદાજિત ૫૪.૯૪ ટકા મતદાન થયું છે જે ઈ.સ.૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૫૮.૯૪ ટકા કરતા ૪ ટકા ઓછુ મતદાન છે. સૌરાષ્ટ્રમાં કૂલ ૧.૫૦ કરોડ મતદારોમાં ૮૨.૫૦ લાખ નાગરિકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે જ્યારે ૬૭.૫૦ લાખ મતદારોએ ગરમી કે નિરાશા કે અન્ય કોઈ પણ કારણોસર મતદાન કરવાનું ટાળ્યું છે. ઓછા મતદાનના કારણે હવે હારજીતનો નિર્ણય ઓછી લીડથી થઈ શકે છે.

વડાપ્રધાનની જ્યાં સભા થઈ હતી અને ક્ષત્રિય આંદોલનની અસર ઓછી હતી તે જુનાગઢમાં સૌથી વધારે ૫૮.૮૭ ટકા અને બીજા નંબરે જામનગર કે જ્યાં ક્ષત્રિય આંદોલનની અસર હતી ત્યાં ૫૭.૬૭ ટકા મતદાન થયું છે જે સરેરાશ કરતા ૪ ટકા જેટલું વધારે છે. પરંતુ, સુરેન્દ્રનગર કે જ્યાં પહેલેથી જ ક્ષત્રિય આંદોલન વધુ તેજ બન્યું હતું ત્યાં માત્ર ૫૨.૨૨ ટકા મતદાન થયું છે.

અમરેલી કે જ્યાં અંબરીશ ડેર સહિત અનેક કોંગી નેતાઓએ પક્ષપલ્ટો કર્યો છે અને ભાજપ-કોંગ્રેસના બે નેતાઓ રાજકોટ ચૂંટણી લડવા આવ્યા છે ત્યાં રાજ્યનું સૌથી ઓછું મતદાન માત્ર ૫૦.૦૭ ટકા થયું છે. પક્ષપલ્ટાને કારણે જ્યાં ચૂંટણી આવી પડી તે માણાવદરમાં પણ ૫૩.૯૩ ટકા જેવું પાંખુ મતદાન રહ્યું છે.


સૌરાષ્ટ્રમાં ગત ધારાસભા-૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ હતો ત્યારે આ વખતે ભાવનગરમાં ભાજપ અને આપ વચ્ચે તથા અન્ય તમામ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હતો. આમ, શાસનવિરોધી મતોમાં ભાગલા ઓછા પડવાનો અંદાજ છે. કૂલ ૯૨ ઉમેદવારોનું રાજકીય ભાવિ આજે ઈ.વી.એમ.માં સીલ થયું છે.

સૌરાષ્ટ્રની જનતામાં સ્થાનિક ભંગાર રસ્તા જેવા અનેક પ્રશ્નોથી માંડીને ટોલટેક્સ સહિત વધુ કરબોજ, વેપાર ઉદ્યોગ અને ખેડૂતોથી માંડીને ગૃહિણીઓને સ્પર્શતા મોંઘવારી,શિક્ષિત બેરોજગારી અને સામાન્ય નોકરી માટે લાંબી કતારો, સરકારી સેવાઓનું ખાનગીકરણ અને લોકોને હાલાકીથી માંડીને ગામેગામ,ઘરે ઘરે જેનો મહોત્સવ ઉજવાયો તે રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા, કાશ્મીરને ભારત સાથે જોડતી ક.૩૭૦ રદ કરવાનું ઐતહાસિક પગલુ, નરેન્દ્ર મોદીની અડીખમ લોકચાહના,સોમનાથ,દ્વારકા સહિત ધર્મસ્થાનો અને સાંસ્કૃતિક સ્થળોનો વિકાસ, એઈમ્સથી એરપોર્ટ સહિતની સુવિધા વગેરે મુદ્દાઓ હતા. પરંતુ, ચૂંટણી પૂર્વે વધુ ગાજેલો મુદ્દો પરસોતમ રૂપાલાનો રાજા-મહારાજાઓ વિષે ખોટો અને અનુચીત બફાટ કે જેના કારણે રાજ્યભરમાં ક્ષત્રિય આંદોલન સળગ્યું તે રહ્યો હતો. ઉપરાંત ભાજપ-કોંગ્રેસના નેતાઓના વાણીવિલાસ પણ મુદ્દા બન્યા હતા.

# વિજયભાઇ, વજુભાઇ, ભાનુબેન, સાંસદ, ધારાસભ્યો સહિતના મહાનુભાવોનું સવારમાં મતદાન


કલેકટરઃ પ્રભવ જોશી



રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ


મતદાનની ફરજ નિભાવી


કોર્પોરેટરઃ સુરેન્દ્રસિંહ વાળા




ભાજપ અગ્રણી



સાધુ સંતો



નરેન્દ્રસિંહ (ટિકુભા)


શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા



કોર્પોરેટર વશરામ સાગઠીયા



પુર્વ સ્ટે ચેરમેનઃ પુષ્કર પટેલ


વિ.પી.વૈષ્ણવ


ભુપતભાઇ બોદર


નિતિન ભારદ્વાજ


કોર્પોરેટરઃ મનીષ રાડીયા


રાજુ ધ્રુવ


ધારાસભ્યઃ રમેશ ટિલાળા




# ઓડિયો સાંભળી નિહિત બેબીકેર હોસ્પિટલના ડો.મશરૂના સીન વીંખાયા

## સીઆરપી ૩.૮૦માંથી ૪૩.૮૦ કરવા કહ્યું તે ઓડિયો તંત્ર પાસે પહોંચ્યો, અધિકારીએ વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરવાનું કહેતા પરસેવો વળી ગયો


## સ્વસ્થ નવજાતને ભયાનક યાતના આપી શરીરમાં છ-છ દિવસ નળીઓ અને સિરિન્જ ભોંકાવી રાખનાર નરાધમ ડોકટરની ડિગ્રી પરત લઈ લેવા માગણી

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૭ઃ રાજકોટના લક્ષ્મીનગર મેઈન રોડ પર આવેલી નિહિત બેબીકેર હોસ્પિટલના તબીબ ડો. હિરેન મશરૂ આયુષ્માન કાર્ડમાંથી બેફામ નાણાં કમાવવા માટે નવજાતના નકલી રિપોર્ટ બનાવીને તેને હોસ્પિટલમાં દાખલ રાખી નવજાત શિશુને વગર જોઈતા ઈન્જેકશન અને બાટલા ચડાવતા હોવાનું જધન્ય કૃત્ય કરતા હોવાનું બહાર આવ્યું છે. જેને પગલે તપાસ કમિટી ડો. મશરૂની હોસ્પિટલે પહોંચી હતી અને સ્પષ્ટ જવાબ માગ્યો હતો અને બે દિવસનો સમય માગ્યો હતો. સોમવારે ડો.મશરૂ જિલ્લા પંચાયત પહોંચ્યા હતા પણ ત્યાં વધુ પુરાવાઓ જોતા સીન વીંખાઈ ગયા હતા અને રેલો આવતા આજીજી કરવા લાગ્યા હતા.

ડો.હિરેન મશરૂએ જે જે રિપોર્ટમાં ચેડાં કર્યા છે તે રિપોર્ટ વીમાકંપનીએ મેળવવાના શરૂ કર્યા છે. તેઓ રિપોર્ટ મેળવીને મસમોટો દંડ કરશે અને તેના આધારે પોલીસ ફરિયાદ સહિતની કાર્યવાહી પણ થશે. આ બધી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે અધિકારીઓએ જ ડો.મશરૂને કહ્યું હતું કે, સત્ય જણાવો તો પ્રક્રિયા ટૂંકી થાય અને બંને પક્ષે રાહત રહે. જેથી ડો.મશરૂએ બે દિવસનો સમય માગ્યો હતો. સોમવારે જ્યારે તેઓ કચેરીએ આવ્યા ત્યારે પુરાવામાં તેઓએ જ ચેડાં કર્યાની કોઇ હકીકત નથી તેવું બોલી સીન કર્યા હતા.




ડો. હિરેન એન. મશરૂ

જોકે અધિકારીઓએ કમ્પ્યૂટર ઓપરેટર અને ડો.મશરૂની વાતચીતનું રેકોર્ડિંગ સંભળાવ્યું હતું જેમાં તે એક બાળકનો રિપોર્ટ કે જેમાં સીઆરપી ૩.૮૦ છે તેને બદલે ૪૩.૮૦ અને તે પણ ઘાટું કરવાની સૂચના આપતા હતા. આ સાંભળી ડો.મશરૂના સીન વીંખાઈ ગયા હતા. પહેલાં તો અવાજ તેમનો નથી તેવું બોલ્યા એટલે અધિકારીએ વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરવાનું કહેતા પરસેવો વળી ગયો હતો અને જવાબ દેવા માટે વધુ એક દિવસ આપવા માટે આજીજી કરી હતી. ડો.મશરૂ સામે સજ્જડ પુરાવાઓ એકઠા થઈ ગયા છે તેથી કેટલા કેસમાં કૌભાંડ કર્યું છે તેની ગણતરી વીમાકંપની કરી રહી છે. આ ગણતરીઓ કરીને જેટલા નાણાં ખોટી રીતે મેળવ્યા છે તેના ચારથી પાંચ ગણી રકમની પેનલ્ટી કરવામાં આવશે. આવા કરતૂતો કરનાર ડોકટરોની ડિગ્રી પરત લઈ દાખલો બેસાડવો જોઈએ એવી લાગણી ભોગ બનનાર નવજાત શિશુઓના પરિવારની છે.

રાજકોટમાં હજુ પણ આવા લાલચૂ અને પૈસા ભૂખ્યા અનેક ડોકટરોની તપાસ કરે તો બહાર આવે તેમ છે જે દર્દીના રિપોર્ટ સાથે ચેડા કરી વગર જોઈતા ઓપરેશન અને દવાઓનો વેપાર કરે છે.

